ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ નં. તા.૧૪/૦૨/૨૦૧૭

**નલીયા, કચ્છની ઘટના સંવેદનશીલ છે. કોંગ્રેસ તેમા રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ ન કરે.**

----------------------

**કોંગ્રેસ પાસે કોઈપણ પુરાવા હોય તો જાહેર કરવા ભાજપનો પડકાર**

----------------------

**કચ્છ અને ગુજરાતને અભદ્ર શબ્દો દ્વારા જોડીને કચ્છ અને ગુજરાતનું ભયંકર અપમાન કર્યું છે.**

----------------------

**કચ્છ અને ગુજરાતને ખરાબ શબ્દો સાથે સરખાવીને કચ્છ અને ગુજરાતની અસ્મિતા, સંસ્કારીતાને કોંગ્રેસે બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.- ભરત પંડયા**

----------------------

કોંગ્રેસના નેતાઓ દ્વારા ઉચ્ચારવામાં આવેલ અશોભનીય બેફામ જૂઠ્ઠાણાઓને સખ્ત શબ્દોમાં વખોડી નાખતાં પ્રદેશ **પ્રવકતાશ્રી ભરત પંડયાએ** જણાવ્યું હતું કે, નલીયા, કચ્છની ખૂબ શરમજનક ઘટના છે અને તેની સામે **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારે** કડક એકશન લીધાં છે. એકસિવાય તમામ આરોપીઓ પકડાઈ ગયાં છે. ૧૨ થી ૧૪ દિવસનાં રીમાન્ડ મળ્યાં છે અને કોઈપણ ચરમબંધીને છોડવામાં નહી આવે તે માટે સરકાર કટીબદ્ધ છે. ભાજપ સરકાર પીડિતાને ન્યાય અપાવવા અને આરોપીઓને કડકમાં કડક સજા આપવા સતત પ્રયત્નશીલ છે પરંતુ કોંગ્રેસ આ ઘટનાને **"રાજકીય વિવાદ"** માં ઢસડી જઈને **"રાજકીય રોટલા"** શેકવાનો પ્રયાસ કરે છે તે નિંદનીય છે. કોંગ્રેસ પાસે કોઈ હકારાત્મક મુદ્દા નથી તેથી કોંગ્રેસ વાદ-વિવાદ અને વેરઝેર ઊભાં કરવાના પ્રયાસ કરે છે. તે ગુજરાતની જાણી ચૂકી છે.

**શ્રી પંડયા**એ જણાવ્યું હતું કે, કચ્છ અને ગુજરાતને એવા અભદ્ર શબ્દો દ્વારા જોડીને વિપક્ષના નેતાશ્રીએ હદની હદ વટાવી દીધી છે. કોંગ્રેસે આ ઘટનામાં કચ્છને, સમગ્ર ગુજરાતને ખરાબ શબ્દો સાથે સરખાવીને ગુજરાત અને ગુજરાતની અસ્મિતા, સંસ્કારીતાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસના અશોભનીય અને નિમ્નસ્તરના નિવેદનથી ગુજરાતનું અપમાન થયું છે. ભાજપ અને ગુજરાત કયારેય આ પ્રકારનાં અપમાનને સાંખી લેશે નહીં.

મારી પાસે ડઝનેક મંત્રીશ્રીઓની સીડી છે તેવાં વિપક્ષના નેતાના નિવેદનને પડકારતા ભાજપનાં **પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડયા**એ જણાવ્યું હતું કે, તેમની પાસે કોઈપણ પુરાવા હોય તો જાહેર કરે. કોંગ્રેસ માત્રને માત્ર હવામાં ગુબ્બારાઓ, જૂઠ્ઠા આક્ષેપો અને અફવાઓ ફેલાવવાના પ્રયાસો કરી રહી છે. કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં એકતા, શાંતિ અને વિકાસનું વાતાવરણ બગાડવા માટે રાજકીય જૂઠ્ઠાણાઓ ફેલાવવા, મીડિયામાં ચમકવા અને પ્રજાને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કરે છે. અફવા, અશાંતિ અને અરાજકતા ફેલાવવાના કોંગ્રેસનાં કુપ્રયાસોને ગુજરાતની જનતા કયારેય સફળ થવા દેશે નહીં.

**.- હર્ષદ પટેલ ,**
**મીડિયા સેલ કન્વીનર,**